# DPP-2638

## First Year B. Com. (Sem. II) Examination

### March / April - 2016

## Financial Accounting : Paper - II

Time : 2 Hours] [Total Marks : **50**

સૂચના :

નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
Fillup strictly the details of ☛ signs on your answer book.

Name of the Examination :
☛ FIRST YEAR B. COM. (SEM. 2)

Name of the Subject :
☛ FINANCIAL ACCOUNTING - 2

☛ Subject Code No. : 2 6 3 8 ☛ Section No. (1, 2,.....) : Nil

Seat No. :

Student's Signature

1 માંગ્યા પ્રમાણે જવાબ આપો :

(અ) તરલ અને આકાશ સંયુક્ત સાહસમાં જોડાયા. તેમણે રૂ. 1,87,500ની કિંમતનો માલ ખરીદ્યો જે પૈકી રૂ. 1,68,750ની કિંમતનો માલ રૂ. 2,25,000માં વેચ્યો. નહીં વેચાયેલ માલનો સ્ટોક તરલે વેચાણ પર થયેલ સરેરાશ કાચા નફાના દર કરતાં અડધા નફાના દરે લઈ લીધો. આકાશના ચોપડે લઈ લીધેલ સ્ટોક અંગે આમનોંધ લખો. **3**

(બ) 15 કિલોના એક એવા 200 નંગ તેલના ડબ્બા દરેક રૂ. 1,800ના ભાવે અમરચંદે સુરતીને આડતથી વેચવા માટે મોકલાવ્યા. તેમણે રૂ. 3,000 ખર્ચના ચૂકવ્યા. 10% સામાન્ય ઘટ માનવામાં આવે છે. જો 570 કિલો છેવટનો સ્ટોક હોય તો તેની કિંમત નક્કી કરી, આમનોંધ લખો. **3**

(ક) તા. 1.4.2015ના રોજ ફર્નિચરની બાકી રૂ. 18,800 છે, જે શાખાને તા. 1.10.2014ના રોજ મોકલેલ છે. તા. 31.3.2016ના રોજ વાર્ષિક 12% લેખે સીધી લીટીની પદ્ધતિએ ઘસારો ગણાય છે. તા. 31.3.2016ના રોજ મુ. ઓ. ના ચોપડે ફર્નિચર અંગે આમનોંધ લખો. **2**

(ડ) તા. 1.1.2012ના રોજ હેનીએ એક યંત્ર ખરીદ્યું, જેની રોકડ કિંમત રૂ. 1,09,000 છે. કરાર વખતે રૂ. 25,000 ચૂકવ્યા અને ત્યાર બાદ ચાર વાર્ષિક હપતા દરેક રૂ. 25,000ના ચૂકવ્યા. દરેક હપતામાં સમાયેલ વ્યાજની રકમ શોધો. **2**

**2** નીચે આપેલી માહિતી પરથી તા. 30.6.2015ના રોજ પૂરા થતા વર્ષ માટે માલધણી જૈત્રના ચોપડે આડતમાલ ખાતું અને આડતિયા ભવ્યનું ખાતું તૈયાર કરો : **14**

(1) બીલીમોરાના જૈત્રએ ભરૂચના ભવ્યને તા. 1.7.2014ના રોજ ભરતિયા કિંમતે માલ મોકલ્યો, ભરતિયા કિંમત પર 20% નફો ચઢાવીને કાચું ભરતિયુ તૈયાર કરવામાં આવે છે.

(2) જૈત્રએ માલ મોકલતા નૂર અને વીમાના રૂ. 5,000 ચૂકવ્યા હતા.

(3) તા. 1.7.2014ના રોજ જૈત્રએ ભવ્ય પર રૂ. 3,00,000ની ત્રણ માસની મુદતની હૂંડી લખી હતી, જે ભવ્યએ સ્વીકારીને તરત જ પરત કરી હતી. જૅત્રએ આ હૂંડી તા. 4.8.2014ના રોજ બૅંકમાં વાર્ષિક 10%ના દરે વટાવી.

(4) રસ્તામાં સંપૂર્ણ નાશ પામેલ માલની ભરતિયા કિંમત રૂ. 62,500 હતી, જે પૈકી વીમા કંપનીએ રૂ. 45,000નો દાવો મંજૂર કર્યો.

(5) ભવ્યએ માલ ઉતારવાનાં રૂ. 2,500, જાહેરાતના રૂ. 1,500, માલ ગોડાઉનમાં લાવવાના રૂ. 2,250 અને વેચાણ ખર્ચના રૂ. 3,000 ચૂકવ્યા.

(6) વર્ષના અંતે ભવ્ય પાસે વેચાયા વગરના માલ સ્ટોકની ભરતિયા કિંમત રૂ. 1,50,000 હતી.

(7) રૂ. 37,500ની ભરતિયા કિંમતનો માલ વેચી શકાય તેવો ન હોવાથી પરત કર્યો, પરત હેતુથી રૂ. 2,500 ખર્ચ થયું.

(8) ભવ્ય 5% લેખે સામાન્ય આડત અને 1% લેખે આસામી આડત મેળવવા હક્કદાર છે. આ ઉપરાંત તેને ચો. નફાના 10% લેખે (કમિશન અને નફાનો ભાગ બાદ કર્યા બાદ) નફામાં ભાગ પણ આપવાનો છે. ભવ્યને સામાન્ય આડત રૂ. 62,500 ચૂકવવાની થઈ. રોકડ અને ઉધાર વેચાણનું પ્રમાણ 1 : 3 છે.

(9) ઉધાર વેચાણ પૈકી એક ગ્રાહક જેને રૂ. 50,000નો માલ ઉધાર વેચવામાં આવ્યો હતો (જૈત્રની ભલામણથી) તે નાદાર જાહેર થયો, તેની પાસેથી 80% રકમ વસૂલ થઈ શકી.

(10) ભવ્યએ બધું જ વેચાણ ભરતિયા કિંમત પર 25% નફો ચઢાવીને કરેલ હતું.

**અથવા**

2 રોનક, તરલ અને હર્શિલ આકાશ લિ.ના રૂ. 10નો એક એવા 3,00,000 ઇ. શેર ભરપાઈ થવા સુધી અને વહેંચણીના તમામ ખર્ચા ચૂકવવાની બાંયધરી આપી સંયુક્ત સાહસમાં જોડાયાં કંપની બાંયધરી કમિશન પેટે ઇક્વિટી શેરના 10% બીજા વધારાના ઇક્વિટી શેર દરેક રૂ. 10નો પૂરેપૂરા ભરપાઈ થયેલા આપવા સંમત થઈ. તેઓએ રૂ. 3,00,000 તેમના સંયુક્ત બેંક ખાતામાં 5 : 3 : 2ના નફો નુકસાન વહેંચવાનાં પ્રમાણમાં ભર્યા. 14

તેઓએ ઇક્વિટી શેર મૂડીના 2% ખર્ચ સંયુક્ત બેંક ખાતામાંથી ચૂકવ્યા.

ભરણાંના અંતે ખબર પડી કે જાહેર જનતા પાસેથી 10% શેરની અરજીઓ ઓછી મળી હતી. આ શેર ખરીદવા 70% રકમ સંયુક્ત બેંક ખાતામાંથી ચૂકવી, જ્યારે બાકીની રકમના 50% રોનકે અને 30% તરલે ચૂકવી અને ત્યાર બાદ બાકી રહેતી રકમ હર્શિલે ચૂકવી.

સંયુક્ત બેંક ખાતામાંથી ખરીદી અને ખર્ચ પેટે ચૂકવેલ રકમના 10% રોનકે, 6% તરલે અને 4% હર્શિલે અન્ય ખર્ચ પેટે ચૂકવ્યા.

આકાશ લિ.એ બાંયધરી કમિશન પેટે ઇક્વિટી શેર આપ્યા. રોનકે ૫૦% શેર દાર્શનિક કિંમત પર ૨૦% નફો ચઢાવી વેચ્યા અને તરલે 30% શેર દાર્શનિક કિંમત પર 25% નફો ચઢાવી વેચ્યા ત્યારબાદ બાકીના શેર હર્શિલે દાર્શનિક કિંમત પર 30% નફો ચઢાવીને વેચ્યા. જે રકમ સંયુક્ત બેંક ખાતામાં ભરી. બધા ભાગીદારો તેમણે કરેલ વેચાણ પર 5% કમિશન લેવા હકદાર છે.

ભાગીદારોનાં ખાતાં બંધ કર્યા તેમ માનીને રાશ ખાતુ, સંયુક્ત બેંક ખાતું અને ભાગીદારોનાં મૂડીખાતાં તૈયાર કરો.

3 મનીષા કલેક્શન મુંબઈની પારડીમાં એક શાખા છે. મુખ્ય ઓફિસ શાખાને ભરતિયા કિંમત પર 20% નફો ચઢાવીને ભરતિયા કિંમતે માલ મોકલે છે. શાખા રોકડ તેમજ ઉધાર વેચાણ કરે છે. શાખાના તમામ ખર્ચાઓ મુખ્ય ઓફિસેથી ચૂકવાય છે. પરચૂરણ ખર્ચ માટે મુખ્ય ઓફિસ શાખાને દર મહિનાની શરૂઆતમાં રૂ. 3,125 પેટા રોકડ તરીકે મોકલે છે. શાખા મળેલ **14**

રોકડ રોજ મુખ્ય ઓફિસનાં બેંક ખાતામાં જમા કરાવી દે છે. નીચે દર્શાવેલી વિગતો પરથી મુખ્ય ઓફિસના ચોપડામાં તા. 31.3.2016ના રોજ પૂરા થતાં વર્ષ માટે શાખા ખાતું તૈયાર કરો.

મુખ્ય ઓફિસના ચોપડે પારડી શાખાનું તા. 31.3.2016ના રોજ પૂરા થતા વર્ષનું વેપાર અને ન.નું. ખાતું નીચે મુજબ હતુ :

**શાખાનું વેપાર ખાતું અને ન.નું. ખાતું**

| | | | | | |
|---|---|---|---|---|---|
| શરૂ. નો સ્ટોક | | 1,50,000 | રોકડ વેચાણ | 3,37,500 | |
| મુ. ઓ. પાસેથી | | | + ઉધાર વેચાણ | 12,50,000 | |
| મળેલ માલ | 12,00,000 | | | 15,87,500 | |
| - મુ.ઓ.ને પરત | | | - વેચાણ પરત | 62,500 | 15,25,000 |
| કરેલ માલ | 1,50,000 | 10,50,000 | છેવટનો સ્ટોક | | 3,00,000 |
| મજૂરી | | 12,500 | | | |
| કાચો નફો | | 6,12,500 | | | |
| | | 18,25,000 | | | 18,25,000 |
| ભાડું-વેરા | | 25,000 | કાચો નફો | | 6,12,500 |
| પગાર | | 55,000 | દેવાદારો ખાતે ઉધારેલ વ્યાજ | | 18,750 |
| ઘાલખાધ | | 10,000 | | | |
| આપેલ વટાવ | | 3,751 | | | |
| પરચૂરણ ખર્ચા (પેટા રોકડનાં) | | 25,000 | | | |
| ફર્નિચર પર ઘસારો | | 12,500 | | | |
| ચો. નફો | | 4,99,999 | | | |
| | | **6,31,250** | | | **6,31,250** |

શાખાની તા. 1.4.2016 અને તા. 31.3.2015 ના રોજ કેટલીક બાકીઓ નીચે મુજબ છે :

| વિગત | 1.4.2016 (રૂ.) | 31.3.2015 (રૂ.) |
|---|---:|---:|
| ફર્નિચર | 1,12,500 | (?) |
| દેવાદારો | (?) | 2,50,000 |
| પેટા રોકડ | (?) | 12,500 |
| નહીં ચૂકવેલ પગાર | 5,000 | 10,000 |
| અ. ચૂકવેલ ભાડું | 2,500 | 3,000 |

શાખાએ દેવાદારો પાસેથી ઉઘરાણીના રૂ. 9,37,500 મુખ્ય ઓફિસને મોકલી આપ્યા હતા.

**અથવા**

3 તા. 1.10.2012ના રોજ ભવ્યએ એક મોટરકાર હેની મોટર્સ પાસેથી ભાડે ખરીદ પદ્ધતિથી ખરીદી. કરાર કરતી વખતે 20% રકમ ચૂકવી. જરૂરી માહિતી નીચે મુજબ છે : 14

હેની મોટર્સના ચોપડે વ્યાજ ખાતુ

| | | | |
|---|---:|---|---:|
| 31.3.13 ન.નું. ખાતે | 54,000 | 31.3.13 ભવ્ય ખાતે | 54,000 |
| | 54,000 | | 54,000 |
| 31.3.14 ન.નું. ખાતે | 72,000 | 31.3.14 ભવ્ય ખાતે | 72,000 |
| | 72,000 | | 72,000 |
| 31.3.15 ન.નું. ખાતે | 36,000 | 31.3.15 ભવ્ય ખાતે | 36,000 |
| | 36,000 | | 36,000 |

મોટરકાર પર ઘટતી જતી બાકીની પદ્ધતિએ વાર્ષિક 10% ઘસારો ગણવાનો છે.

વ્યાજનો ત્રિમાસિક દર 3.75% છે.

બંને પક્ષકારોના હિસાબો દર વર્ષે 31મી માર્ચના રોજ પૂરા થાય છે.

**તૈયાર કરો :**

(1) ભવ્યના ચોપડે મોટરકારનું ખાતુ અને હેની મોટર્સનું ખાતું.

(2) હેનીના ચોપડે પ્રથમ વર્ષની આમનોંધ લખો.

4 ટૂંકનોંધ લખો : (ગમે તે **ત્રણ**) 12

(1) વેચાણ પછીની સેવા માટે અનામત

(2) આડતમાલના છેવટના સ્ટોકનું મૂલ્યાંકન

(3) સ્ટોક અને દેવાદારની પદ્ધતિ

(4) રાશ અને આડતમાલ વચ્ચે તફાવત

(5) સામાન્ય આડત અને આસામી આડત.

## ENGLISH VERSION

**Instruction :** As per the instruction no. 1 of page no. 1.

**1** Give answer as per instruction :

(a) Taral and Akash join in joint venture. They purchased goods worth Rs. 1,87,500 of which Rs. 1,68,750 goods are sold by Rs. 2,25,000. The unsold stock was taken over by Taral, yielding a gross profit at half the averge rate made on sales. Write journal entry in the books of Akash for taken goods. **3**

(b) 200 tins of oil at Rs. 1,800 per tin of 15 kg each were sent by Amarchand to Surati to be sold on consignment. He paid Rs. 3,000 for expenses. Normal loss is considered to be 10%. Calculate the value of closing stock if the quantity left is 570 kg of oil. Write journal entry. **3**

(c) The balance of Furniture account on 1.4.2015 was Rs. 18,800 which was sent to the branch on 1.10.2014. On 31.3.2016 depreciation was charged on furniture at 12% per annum on straight line method. Write journal entry in the books of H.O. for balance of furniture on 31.3.2016. **2**

(d) On 1.1.2012 a machine was purchased by Heny on hire-purchase system. Its cash price was Rs. 1,09,000. Rs. 25,000 was paid on signing the contract and the balance was paid in four annual instalments of Rs. 25,000 each. **2**

Find out the amount of interest in each instalments.

2 From the following information prepare consignment account and consignee's A/c. in the books of consignor Jaitra for the year ending on 30.6.2015 : **14**

(1) Jaitra of Bilimora consigned goods to Bhavya of Bharuch at an invoice price on 1.7.2014. The proforma invoice was made out at a figure so as to show a profit of 20% on invoice price.

(2) While sending the goods Jaitra paid Rs. 5,000 for freight and insurance.

(3) On 1.7.2014 Jaitra drew a bill of 3 months for Rs. 3,00,000 on Bhavya, which was immediately returned by the latter duly accepted, on 4.8.2014 Jaitra discounted this bill in the bank at the rate of 10% per annum.

(4) Invoice price of goods fully damaged in transit was Rs. 62,500 of which insurance company accepted claim Rs. 45,000.

(5) Bhavya paid expenses Rs. 2,500 for landing, Rs. 1,500 for advertisement, Rs. 2,250 for transport charge and Rs. 3,000 for selling expenses.

(6) Invoice price of unsold stock laying with Bhavya at the end of the year Rs. 1,50,000.

(7) Bhavya returned unsaleable goods worth of Rs. 37,500 (I.P.) and paid Rs. 2,500 for return purpose.

(8) Bhavya is entitled to get 5% general commission and 1% del creder commission, he had to be paid 10% (after less commission and profit sharing) of net profit as a commission. Rs. 62,500 general commission is payable to Bhavya. The proportion of cash sale and credit sale is 1 : 3.

(9) Out of credit sale Rs. 50,000 of goods was sold to a customer (Recommended of Jaitra) who was declared insolvent and 80% of amount was recovered from him.

(10) All goods were sold out by Bhavya at a profit of 25% on invoice price.

**OR**

2 Ronak, Taral and Harshil entered into Joint venture to underwrite 3,00,000 equity shares of Rs. 10 each and to pay all expenses upto allotment of Akash Ltd. The company agreed to issue 10% additional equity shares of Rs. 10 each fully paid up as underwriting commission. **14**

They deposited Rs. 3,00,000 into the Joint Bank Account as per their profit and loss sharing ratio 5 : 3 : 2 respectively. They paid 2% expenses of equity share capital from the Joint Bank Account.

At the end of subscription it was found that application of shares were received 10% less from public. In order to buy these shares 70% amount was paid from the Joint Bank Account, while 50% of the remaining amount and 30% of the remaining amount was paid by Ronak and Taral respectively and whatever the remaining amount was paid by Harshil.

Ronak paid 10%, Taral paid 6% and Harshil paid 4% as other expenses on the amount paid from Joint Bank Account for expenses and buying the shares.

Akash Ltd. issued the shares as underwriting commission.

Ronak sold 50% shares at a profit of 20% on its issued price, Taral sold 30% shares at a profit of 25% on its issued price while remaining shares sold by Harshil at a profit of 30% on its issued price, the amount of which was deposited into the Joint Bank Account. All partners are eligible to get 5% commission on their sales. Partners account were settled, Prepare : Joint Venture Account, Joint Bank Account and Partners' Capital Accounts.

3 Manisha Collection of Mumbai has branch in Pardi. **14**

The head office send goods to branch at an invoice price by adding 20% profit on invoice price. The branch makes cash as well as credit sales. All the expenses of the branch are paid by Head Office. The Head Office send petty cash to the branch for miscellaneous expenses of Rs. 3,125 at the beginning of every month. The cash collected by the branch is credited in the bank account of Head office daily. After considering the following information prepare Branch Account in the books of Head Office for the year ended on 31.3.2016.

Pardi Branch Trading Account and P/L Account

| | | | | | |
|---|---|---|---|---|---|
| To Opening stock | | 1,50,000 | By Cash sales | 3,37,500 | |
| To Goods received | | | By Credit sales | 12,50,000 | |
| From H.O. | 12,00,000 | | | 15,87,500 | |
| – Return to H.O | 1,50,000 | 10,50,000 | Less: Sales return | 62,500 | |
| To Wages | | 12,500 | | | 15,25,000 |
| To Gross Profit | | 6,12,500 | By Closing Stock | | 3,00,000 |
| | | 18,25,000 | | | 18,25,000 |
| To Rent Taxes | | 25,000 | By Gross Profit | | 6,12,500 |
| To Salary | | 55,000 | By Interest debited | | |
| To Bad Debt | | 10,000 | to debtors | | 18,750 |
| To Discount allowed | | 3,751 | | | |
| To Petty expenses | | 25,000 | | | |
| To Dep. on furniture | | 12,500 | | | |
| Net Profit | | 4,99,999 | | | |
| | | **6,31,250** | | | **6,31,250** |

Some balance as on 1.4.2016 and 31.3.2015 are as under :

| Particulars | 1.4.2016 (Rs.) | 31.3.2015 (Rs.) |
|---|---|---|
| Furnitures | 1,12,500 | (?) |
| Debtors | (?) | 2,50,000 |
| Petty cash | (?) | 12,500 |
| Outstanding salary | 5,000 | 10,000 |
| Prepaid rent | 2,500 | 3,000 |

During the year branch collected Rs. 9,37,500 from debtors which was sent to Head Office.

**OR**

3 Bhavya purchased a motor-car on hire purchase system from Heny Motors on 1.10.2012. 20% of amount was paid at the time of signing the contract. Further information is as follows : **14**

**Interest a/c. (in the books of Heny motors)**

| | | | |
|---|---|---|---|
| 31.3.13 To P/L A/c. | 54,000 | 31.3.13 By Bhavya A/c | 54,000 |
| | 54,000 | | 54,000 |
| 31.3.14 To P/L A/c | 72,000 | 31.3.14 By Bhavya A/c | 72,000 |
| | 72,000 | | 72,000 |
| 31.3.15 To P/L A/c. | 36,000 | 31.3.15 By Bhavya A/c. | 36,000 |
| | 36,000 | | 36,000 |

Provide depreciation on motor-car at 10% p.a. on reducing balance method. Interest charged at 3.75% per quarter year. Accounting year of both parties ends on $31^{st}$ March every year.

From the above information prepare :

(1) Motor-car Account

(2) Heny Motors Account in the books of Bhavya and write journal entries for the first years in the books of Heny.

4 Write short notes : (any **three**) **12**

(1) Reserve for after-sales service.

(2) Valuation of Consignment Closing Stock

(3) Stock and debtors System

(4) Difference between Joint Venture and Consignment

(5) General Commission and Del Credere Commission.

## રફ કામ માટેની જગ્યા / SPACE FOR ROUGH WORK